# ઉજ્જીવન ફાઈનાન્શિયલનો આઈપીઓ ૨૮મીના રોજ ખૂલશે




અમદાવાદ, મંગળવાર

ઉજ્જીવન ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ (યુએફએસ અથવા કંપની) નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટીટ્યુશનસ છે. જેણે ૨૦૦૫માં નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપની તરીકે કામગીરી શરુ કરી હતી. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ સુધી યુએફએસ ૪૭૦ શાખાઓ અને ૭૮૯૨ કર્મચારીઓના નેટવર્ક મારફતે ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨૭.૭ લાખ સક્રિય ગ્રાહકોને સેવા આપતી હતી. કંપનીનો આઈપીઓ ૨૮મી એપ્રિલ ૨૦૧૬ના રોજ ખૂલશે અને ૦૨ મે ૨૦૧૬ના રોજ બંધ થશે. તેની પ્રાઈઝ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર દીઠ રૂ. ૨૦૭ થી ૨૧૦ છે. એન્કર ઈન્વેસ્ટર બિડ ઓફરનો સમયગાળો બિડ, ઓફર ઓપનીંગની તારીખના એક દિવસ અગાઉ એટલે કે ૨૭ એપ્રિલ ૨૦૧૬ના રોજ રહેશે.

આઈપીઓમાં કંપનીના કુલ ૩૫૮૧.૬૧ મિલિયન રૂ.ના નવા ઈક્વિટી શેર ઈશ્યુ થશે અને એલીવર, એફએમઓ, આઈએફસી, આઈએફઆઈએફ, એમયુસી, સર્વ કેપિટલ, ડબલ્યુપીસી અને ડબલ્યુડબલ્યુબી દ્વારા ૨૪,૯૯,૮૩,૩૨ ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ ઈશ્યુ થશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપનીએ કુલ રૂ. ૨૯૧૮.૩૯ મિલિયનનું મુલ્ય ધરાવતા ૧૪૨૩૯૦૫૭ ઈક્વિટી શેરનું પ્રી આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ કર્યુ છે. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સમાં જાહેર કર્યા મુજબ નવા શેરની સાઈઝમાં રૂ. ૬૫૦૦ મિલિયન મુજબ ઘટાડો થયો છે.

બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે કરવામાં આવેલી ઓફરમાં ઓફરના ૫૦ ટકા હિસ્સો પ્રમાણસર આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ક્યુઆઈબી પોર્શનને ફાળવવામાં આવશે. બીઆરએલએમ સાથે પરામર્શમાં કંપની અને વિક્રેતા શેરધારકો વિવેકને આધારે એન્કર રોકાણકારોને એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર ક્યુઆઈબી પોર્શનને ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે. એન્કર ઈન્વેસ્ટર પોર્શન એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો ઓછામાં ઓછો ૩૩ ટકા હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ માટે અનામત રાખવામાં આવશે. જે એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઈસ પર કે તેનાથી વધારે કિંમત પર સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ પાસેથી પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધીન છે. એન્કર ઈન્વેસ્ટર પોર્શનનો હિસ્સો ઓછા ભરાવવાના કે બિન ફાળવણીના કેસમાં બાકીના ઈક્વિટી શેર ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે. પાંચ ટકા ચોખ્ખો ક્યુઆઈબી પોર્શન પ્રમાણસર આધારે મ્યુચ્યુઅલ ફંડને જ ફાળવવામાં આવશે અને ચોખ્ખા ક્યુઆઈબી પોર્શનનો બાકીનો હિસ્સો પ્રમાણસર આધારે તમામ ક્યુઆઈબી બિડ્સે એન્કર ઈન્વેસ્ટર્સ સિવાયને ફાળવવા માટે ઉપલબ્ધ થશે, જેમાં મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે અને તે ઓફર પ્રાઈઝ પર કે તેનાથી વધારે કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડને આધીન છે.

કંપની નવા ઈશ્યુ કરાયેલા શેરમાંથી જે આવક થશે તેનો ઉપયોગ તેઓ મૂડીગત આધાર વધારવા માટેની યોજના ધરાવે છે.

ઓફરના બીઆરએલએમ કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, એક્સિસ કેપિટલ લિમિટેડ, આઈસીઆઈસીઆઈ સિક્યોરીટીઝ લિમિટેડ અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડ છે, જ્યારે કાર્વી કમ્પ્યુટર શેર પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજીસ્ટ્રાર છે.

કંપનીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ અને એનએસઈ પર થશે.